૧૭૩૫૨

# પ્રકાશકનું નિવેદન

ટૉલ્સ્ટૉયની સુપ્રસિદ્ધ વાર્તા — ધિ સ્ટોરી ઑફ ઈવાન ધિ ફૂલની આ ગુજરાતી અનુકૃતિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ટૉલ્સ્ટૉયનાં લખાણોનો તેમણે ઘણો અભ્યાસ કર્યો હતો. તેમાંથી તેમણે આ વાર્તાનો ગુજરાતી અનુવાદ કરી પુસ્તિકારૂપે પ્રગટ કરેલો. થોડાં વરસો પર સુરતના ગાંડીવ કાર્યાલયે તે પુસ્તિકા ભારતમાં પ્રકાશિત કરી હતી. તેમાં બાળકોને વાંચવામાં સરળતા રહે તે ખ્યાલથી ગાંધીજીની ભાષામાં ક્યાંક ક્યાંક ફેરફાર કરવામાં આવ્યા હતા. નવજીવન ટ્રસ્ટે આ પુસ્તિકામાં તેમની મૂળ ભાષા જાળવી રાખી છે. સૈન્ય અને ધનનાં બળો પરિશ્રમના તેજ આગળ કેવાં ઝાંખાં પડે છે તે પોતાની વિશિષ્ટ શૈલીથી ટૉલ્સ્ટૉયે બતાવી આપ્યું છે. ગાંધીજીએ સાદી અને સહેલી ભાષામાં અનુવાદ કર્યો છે, જેનો પૂરો લાભ એક બાળક પણ લઈ શકશે. ગાંધી-વિચાર સમજવામાં આ પુસ્તિકા ઉપયોગી સિદ્ધ થશે એવી આશા છે.

મૂળ રશિયન વાર્તાનું નામ ટૉલ્સ્ટૉયે નીચે મુજબ આપ્યું છે:

धि स्टोरी ऑफ इवान धि फूल, ऍन्ड ऑफ हिझ टु ब्रधर्स, साइमन धि सोल्जर ऍन्ड तारास धि स्टाउट; ऍन्ड ऑफ हिझ डंब सिस्टर मारथा, ऍन्ड ऑफ़ धि ओल्ड डेविल ऍन्ड धि थ्री लिटल इम्प्स — મૂર્ખ ઈવાન ને તેના બે ભાઈઓ, સિપાઈ સાઈમન ને જાડિયો તારાસ, તેની મૂંગી બહેન મારથા, તેમ જ બુઢ્ઢો સેતાન અને તેના ત્રણ નાના ગુલામ.

૪–૭–'૬૪

શ્રી ... ગુજરાતી ... મુંબઈ-૪.

# પ્રસ્તાવના

ઉપલી વાત અમે મહાન મરહૂમ ટૉલ્સ્ટૉયનાં કેટલાંક અત્યંત પવિત્ર લખાણોમાંથી લીધી છે. અમે વાતનો શબ્દારથ તરજુમો નથી આપ્યો, છતાં તેનું રહસ્ય બરોબર સમજી શકાય તેવી રીતે આપણી ભાષામાં ઠીક લાગે તેવી રીતે લખાણ કરવા પ્રયત્ન કર્યો છે.

ઉપલી વાત તે અમે જે બીજી આપી ગયા છીએ તેના કરતાં બહુ ચડિયાતી છે. યુરોપના જુદા જુદા લેખકોએ પણ તેને બહુ વખાણી છે. તેમાં લખેલું બધું બનવાજોગ છે, એટલું જ નહીં પણ તેવું ખૂણેખાંચરે આજ પણ બન્યા કરે છે. એવા બનાવો ઇતિહાસે નથી ચડતા તેથી બનવાજોગ નથી એમ કોઈએ માનવાનું નથી.

આ વાર્તામાં ટૉલ્સ્ટૉય શું બતાવવા માગે છે તે વાંચનાર પોતાની મેળે જેમ જેમ પ્રકરણ આગળ ચાલતું જશે તેમ તેમ સમજી લેશે.

વાર્તા એવી ઢબથી લખાયેલી છે કે તેનું શિક્ષણ જેટલું ઉત્તમ છે તેટલી જ તે રસિક છે. જેટલો રસ અમે અંગ્રેજી તરજુમામાંથી લઈ શક્યા છીએ તેટલો જ જો અમારા વાંચનાર અમે આપેલ લખાણમાંથી ન લઈ શકે તો દોષ વાર્તાનો નહીં પણ અમારો ગણવો.

રશિયન નામઠામ વાંચતાં વાતનો રસ ઘટે એમ ધારી અમારા રિવાજ મુજબ અમે હિંદી નામઠામ દાખલ કર્યાં છે.

[ મોહનદાસ કરમચંદ ગાંધી ]

